# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-01-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી- ‘ભારતપોલ’ પોર્ટલ લોન્ચ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન-સીબીઆઈ દ્વારા વિકસિત "ભારતપોલ" પોર્ટલ લોન્ચ કરશે. ભારતપોલ પોર્ટલ ઇન્ટરપોલ દ્વારા આંતરરાષ્ટ્રીય સહાય માટેની તમામ વિનંતીઓની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરશે, જેમાં ઇન્ટરપોલ રેડ-કલર નોટિસ અને અન્ય કલર નોટિસ જારી કરવાનો સમાવેશ થાય છે.

ગૃહમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે આનાથી ભારતીય તપાસ એજન્સીઓને તેમની વૈશ્વિક પહોંચ વધારીને નવી ઊંચાઈ મળશે જ્યારે મોદી સરકારના સુરક્ષિત ભારતનું નિર્માણ કરવાના વિઝનને પરિપૂર્ણ કરશે.

ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દેશની કાયદા અમલીકરણ એજન્સીઓને મજબૂત કરવા માટે ઘણી મહત્વપૂર્ણ પહેલ કરી છે.

-----------------------------------------------------------------------------------

## HMPV વાઇરસ દેશ-રાજ્ય

હ્યુમન મેટાપ્યુમોના વાયરસ, **HMPV**ના બે-બે કેસ કર્ણાટક અને તમિલનાડુમાં અને એક કેસ ગુજરાતમાં  નોંધાયા છે.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ, **ICMR**એ જણાવ્યા મુજબ **HMPV** ભારત સહિત વિશ્વભરમાં પહેલેથી જ પ્રચલનમાં છે અને **HMPV-**સંબંધિત શ્વસન રોગોના કેસો ઘણા દેશોમાં નોંધાયા છે.

વધુમાં **ICMR** અને ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ નેટવર્કના હાલના ડેટાના આધારે, દેશમાં ઈન્ફલ્યુએન્ઝા જેવી બીમારી અથવા ગંભીર તીવ્ર શ્વાસોચ્છવાસની બીમારીના કેસોમાં કોઈ અસામાન્ય વધારો થયો નથી.

દરમિયાન  ગુજરાતમાં મેટાપ્યુમો વાઈરસ **HMPV** નો એક પોઝિટીવ કેસ નોંધાયો છે. રાજસ્થાનનાં ડુંગરપુરથી સારવાર માટે અમદાવાદ આવેલા બે મહિનાનાં બાળકનું **HMPV** સેમ્પલ પોઝીટીવ આવ્યું છે. તેની સ્થિતિ સંપૂર્ણપણે સ્થિર હોવાનું રાજ્ય સરકારનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યુ છે કે, તાજેતરમાં ચીનમાં માનવ મેટાન્યુમોવાઈરસનાં કેસો જોવા મળી રહ્યાં છે. આ નવો વાયરસ નથી. આ વાઈરસની ઓળખ વર્ષ 2001 માં થયેલી છે. નાગરિકોએ **HMPV** થી ગભરાવાની જરૂર નથી. પરંતુ વાઈરસનાં લક્ષણો સમજીને તેના ચેપ સાથે સંબંધિત બાબત જાણવી અને અપનાવવી જરૂરી  છે.

દરમિયાન રાજ્ય સરકારે આ અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. ઉપરાંત વિદેશથી આવનારા લોકો માટે પણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે. ઉપરાંત, રાજ્યની હોસ્પિટલોને આ વાયરસના પરીક્ષણ માટે **RTPCR** કીટ ખરીદવા માટે સૂચના આપવામાં આવી છે.

---

## આખરી મતદાર યાદી પ્રસિદ્ધ

રાજ્યભરમાં યોજાયેલા ખાસ સંક્ષિપ્ત મતદાર સુધારણા કાર્યક્રમ 2025 દરમિયાન એક લાખ 72 હજાર પુરુષ, બે લાખ તેવીસ હજાર સ્ત્રી તથા વીસ ત્રીજી જાતિનાં મળી કુલ ત્રણ લાખ પંચાણુ હજાર કરતાં વધુ મતદારોનો વધારો થયો છે.

ચૂંટણી પંચની સૂચનાથી અને રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ વીસમી ઓગસ્ટથી અઢાર મી નવેમ્બર 2024 દરમ્યાન ઘરે ઘરે જઈને સર્વે હાથ ધરાવામાં આવ્યો હતો. અને મતદારની ચકાસણી કરવામાં આવી હતી. 28 ઓક્ટોમ્બર થી 28 મી નવેમ્બર 2024નાં રોજ જાહેર કરવામાં આવેલી મુસદ્દા મતદાર યાદીમાં બે કરોડ 56 લાખ 56 હજાર કરતાં વધુ પુરુષ, 2 કરોડ 42 લાખ 61 હજાર કરતાં વધુ સ્ત્રીઓ અને 1 હજાર 569 ત્રીજી જાતિનાં મળી કુલ 4 કરોડ 99 લાખ 441 મતદારો નોંધાયા હતાં.

છઠ્ઠી જાન્યુઆરી 2025ના રોજા આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જે અનુસાર 2 કરોડ 58 લાખ 28 હજાર કરતાં વધુ પુરુષ, 2 કરોડ 44 લાખ 84 હજાર કરતાં વધુ સ્ત્રી અને ત્રીજી જાતિનાં એક હજાર 569 મળીને કુલ  5 કરોડ 3 લાખ 15 હજાર 230 મતદારો નોંધાયા છે.

---------------------------------------------------------------------------------------

## સ્ટેટ મોનિટરિંગ સેલને અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો

પોલીસ ભવન ખાતે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલને ઝીરો બજેટથી અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી  હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સામેની લડાઈને વધુ મજબૂત બનાવવા માટેનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.  રાજ્યમાં અને રાજ્યની બહાર બનતાં ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા રાજ્યને સ્પર્શતા ગુનાઓના દરોડા પાડી તેના ગુના આ નવા એસ.એમ.સી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવશે અને તેની તપાસ પણ આ ટીમ દ્વારા કરવામાં આવશે. આ ગુનાઓની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## હવામાન-ઠંડીનું જોર વધ્યું

હવામાન વિભાગની આગાહી પ્રમાણે કચ્છમાં ફરી ઠંડીનું જોર વધ્યું છે. રાજ્યના શીતમથક નલિયામાં ગઇકાલે 6.4 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણાતામાન નોંધાયું હતું. તો કંડલા હવાઇ મથક 8.9 ડિગ્રી સાથે રાજ્યનું ત્રીજા ક્રમનું સૌથી વધુ ઠંડુ મથક બન્યું હતું. ભુજમાં 10.8 ડિગ્રી સાથે ઠંડીની અસર દેખાઇ હતી. જ્યારે મહત્તમ તાપમાન નલિયા કરતા પણ ઓછું 25 ડિગ્રી નોંધાયું હતું.

--------------------------------------------------------------------------------